**Enrollment No: ______________________ Exam Seat No:______________________**

# C. U. SHAH UNIVERSITY
## Summer Examination-2020

**Subject Name: Accounting & Finance - III**
**Subject Code: 4CO03AFI2** **Branch: B.Com (Gujarati)**
**Semester : 3** **Date : 11/03/2020** **Time : 02:30 To 05:30** **Marks : 70**

Instructions:
1. (1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
2. (2) Instructions written on main answer book are strictly to be obeyed.
3. (3) Draw neat diagrams and figures (if necessary) at right places.
4. (4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** ધંધામાં જોખમનું પ્રમાણ વધારે હોય તો પાઘડી ... 1

(A) સામાન્ય હોય (B) ઓછી હોય (C) વધુ હોય (D) શૂન્ય હોય

**b)** નીચેની સંસ્થા પૈકી પાઘડી કોને ન હોઈ શકે ? 1

(A) શાહ પ્રકાશન (B) રેપિડ કંપની (C) જાહેર લાઈબ્રેરી (D) ખાનગી નર્સિંગ હોમ

**c)** પાઘડીનું મૂલ્યાંકન કરતી વખતે ધંધામાં રોકાયેલી મૂડી નક્કી કરતી વખતે ક્યાં પ્રકારના રોકાણો ધ્યાનમાં લેવાતાં નથી? 1

(A)કાયમી (B) ધંધાકીય (C) બિનધંધાકીય (D) ચાલુ

**d)** ચોખ્ખી મિલકતની પધ્ધતિના ધોરણે શેરની ....... કિંમત શોધવામાં આવે છે? 1

(A) બજાર (B) આંતરિક (C) વાજબી (D) દાર્શનિક

**e)** વાજબી કિંમત = આંતરિક કિંમત + ........ ÷ 2 1

(A) બજાર (B) આંતરિક (C) વાજબી (D) દાર્શનિક

**f)** કંપની શેરની કઇ કિંમત પર ડિવિડન્ડ આપે છે? 1

(A) બજાર કિંમત (B) વાજબી કિંમત (C) આંતરિક કિંમત (D) મૂળકિંમત

**g)** સેવા પડતર માટે ક્યો ખર્ચ સ્થિર ખર્ચ નથી? 1

(A) પગાર (B) પેટ્રોલ (C) મ્યુનિસિપાલ ટેક્ષ (D) ઓફીસનું ભાડું

**h)** સેવા પડતર માટે ક્યો ચલિત ખર્ચ નથી? 1

(A) ઘસારો (B) ડીઝલ (C) મરામત ખર્ચ (D) વીમાનું પ્રીમિયમ

**i)** નીચેનામાંથી કઇ બાબતનો સમાવેશ સેવા ઉદ્યોગમાં નહિ થાય? 1

(A) થિયેટર (B) રેલ્વે (C) પ્રકાશન સેવા (D) હૉટેલ

**j)** નોંધણી પહેલાનો નફો શું ગણાય? 1

(A) મૂડી આવક (B) મહેસૂલી આવક (C) મૂડી નફો (D) મહેસૂલી નફો

**k)** પ્રાથમિક ખર્ચ નોંધાશે.... 1

(A) સમયના પ્રમાણમાં (B) વેચાણના પ્રમાણમાં (C) નોંધણી પહેલાં (D) નોંધણી પછી

**l)** ઓડીટ ફી ક્યા આધારે ફાળવવામાં આવશે? 1

(A) વેચાણના પ્રમાણમાં (B) નોંધણી પછી (C) નોંધણી પહેલાં (D) સમયના પ્રમાણમાં

**m)** કઇ મૂડીને તરતી મૂડી કહે છે? 1

(A) સ્થિર મૂડી (B) અનામત મૂડી (C) કાર્યશીલ મૂડી (D) શેર મૂડી

**n)** કાર્યશીલ મૂડીનું મહત્ત્વ ... 1

(A) પ્રતિષ્ઠા વધે (B) કાર્યક્ષમતા (C) કરકસરભારી ખરીદી (D) ઉપરનાં બધા

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**(a)** સેવા પડતર પધ્ધતિના લક્ષણો જણાવો. **7**

**(b)** કાર્યશીલ મૂડીના સ્ત્રોતોની ચર્ચા કરો. **7**

**Q-3** **Attempt all questions** **(14)**

(a) પાઘડીને અસર કરતાં પરિબળો સમજાવો. **7**

(b) પાઘડીની ગણતરી અધિકનફા દ્રારા કેવી રીતે કરવામાં આવે છે, સમજાવો. **7**

**Q-4**

તા. 1લી એપ્રિલ,2018ના રોજથી રોહિત બ્રધર્સનો ધંધો ખરીદી લેવા તા. 1લી ઓગસ્ટ,2018ના રોજ વોરા કંપની લિ.ની સ્થાપના કરી. વોરા લિ. એ તેના પ્રથમ હિસાબો તા. 31મી ડિસેમ્બર, 2018ના રોજ પૂરા થતા સમય માટે તૈયાર કર્યા : **14**

1) કાચો નફો - રૂ. 14,40,000 2) શેર ટ્રાન્સફર ફી – રૂ. 2,000

3) ડિરેક્ટર ફી વાર્ષિક – રૂ.1,20,000 4) પ્રાથમિક ખર્ચા - રૂ. 6,000

5) સામાન્ય ખર્ચા – રૂ. 72,000 6) વીમો – રૂ. 18,000

7) ફર્નિચર વેચાણની ખોટ રૂ. 2,000 (વેચાણ તારીખ 1લી જુલાઇ 2010)

8) વેચાણ પર કમિશન 1% લેખે 9) વિત્તરણ ખર્ચા રૂ. 1,08,000 (2/3 સ્થિર ગણો)

10) ઘસારો રૂ. 46,000 (કુલ)

તા. 30મી સપ્ટેમ્બર સુધી વાર્ષિક ભાડું રૂ. 72,000 લેખે હતું. પરંતુ ત્યાર બાદ વાર્ષિક રૂ. 1,44,000 સુધી વધારવામાં આવ્યું હતું. કંપનીએ તા. 1લી ઑગસ્ટ, 2018ના રોજ રૂ. 2,00,000ની કિંમતે ખરીદેલાં નવાં યંત્રો ઉપર વાર્ષિક 12%લેખેના ઘસારાની રકમનો, કુલ ઘસારાની રકમ રૂ. 46,000માં સમાવેશ થયેલો છે.

પેઢીના મેનેજર કે જેને કંપનીની નોંધણી થયા બાદ ડિરેક્ટર બનાવવામાં આવેલો તેનો વાર્ષિક પગાર રૂ.48,000 હતો. (નોંધણી થયા બાદ તેના મહેનતાણાનો ઉપર જણાવેલ ડિરેક્ટર ફીમાં સમાવેશ થાય છે.) કુલ વેચાણ રૂ. 37,20,000 હતું. જે પૈકી એપ્રિલથી જુલાઇ સુધીના ચાર માસનું સરેરાશ વેચાણ બાકીના સમયના સરેરાશ માસિક વેચાણ કરતાં ચોથા ભાગનું છે. વેચાણ પર કાચા નફાનો દર એક સરખો રહ્યો છે.

**નોંધણી પહેલાં અને પછી નફો- નુકસાન દર્શાવતું પત્રક બનાવો.**

**Q-5** **Attempt all questions** **(14)**

| | | | |
|---|---|---|---|
| (a) | નીચેની માહિતી પરથી એક વાહન માટે કિલોમીટર દીઠ પડતર શોધો: | | 7 |

વાર્ષિક કિલોમીટર – 30,000 વાહનની કિંમત રૂ. 5,00,000

**<u>વાર્ષિક ખર્ચા :</u>**

| | | | |
|---|---|---|---|
| લાઈસન્સ ફી | રૂ. 16,000 | લિટરદીઠ પેટ્રોલની કિંમત | રૂ. 50 |
| વીમો | રૂ. 14,000 | કિલોમીટરદીઠ સમારકામ | રૂ. 2 |
| ગેરેજભાડું | રૂ. 12,000 | કિલોમીટરદીઠ ટાયર ખર્ચ | રૂ. 1.50 |
| સુપરવાઈઝર પગાર | રૂ. 24,000 | લિટરદીઠ કિલોમીટર | રૂ. 20 |
| ડ્રાઈવર પગાર કલાકદીઠ | રૂ. 5 | | |

વાહનનું આયુષ્ય – 2,00,000 કિલોમીટર વાહનનું ઝડપ કલાકદીઠ 20 કિલોમીટર

(b) કાર્યશીલ મૂડીના પ્રકારો સમજાવો. 7

**Q-6 Attempt all questions (14)**

(a) નીચેની સેવા માટે તેના પડતરના એકમો લખો. 7

1. વૉટર કંપની 2. થિયેટર 3. વાહનવ્યવહાર 4. ગેસ કંપની

(b) નીચેની માહિતીને સમય આધારે, વેચાણ આધારે, નોંધણી પહેલાં અને નોંધણી પછીના સમયમાં વર્ગીકૃત કરો. 7

1. ચોખ્ખો નફો 2. સેલ્સમેનનો પગાર 3. ડિરેક્ટર ફી 4. પ્રાથમિક ખર્ચ
5. પરચૂરણ ખર્ચ 6. ઘસારો 7. ભાડું 8. શેર ટ્રાન્સફર ફી
9. છપામણી અને સ્ટેશનરી 10. સેલ્સમેનનું કમિશન

**Q-7 Attempt all questions (14)**

(a) ઈન્વેનટરી રાખવાની જરૂરિયાત સમજાવો. 7

(b) **અધિક નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે પાઘડીની કિંમત નક્કી કરો.** 7

1. મિલકતો નીચે પ્રમાણેની કિંમતે ધ્યાનમાં લેવી : પ્લાન્ટ – રૂ. 3,30,000
સ્ટૉક – રૂ. 2,61,000 ફર્નિચર – રૂ. 18,000 દેવાદારો – રૂ. 1,08,000
2. રોકાયેલી મૂડી પર વળતરનો દર 10% છે.
3છેલ્લાં ત્રણ વર્ષના અંતે કરવેરા પછીનો નફો અને ઉપયોગ લેવાનો યોગ્ય ભાર નીચે મુજબ 31-03-2017, 31-03-2018, 31-03-2019ના નો નફો અનુક્રમે 90,000, 99,000, 93,000 છે. અને તેનો ભાર અનુક્રમે 1, 2, 3 છે.

ઉપરની માહિતીનો ઉપયોગ કરો તેના માટે,
ખમ્મા લિ. નું તા. 31-03-2019ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| **મૂડી- દેવાં** | **રકમ રૂ.** | **મિલકત લેણાં** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી(દરેક રૂ. 10 તેવા) | 5,40,000 | પાઘડી | 30,000 |
| અનામત અને વધારો | 60,000 | પ્લાન્ટ | 3,60,000 |
| લેણદારો | 1,50,000 | ફર્નિચર | 15,000 |
| દેવીહૂંડી | 60,000 | સ્ટૉક | 2,40,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 15,000 | દેવાદારો | 1,20,000 |

| | | | |
|---|---|---|---|
| | | અગાઉથી ચૂકવેલ ખર્ચા | 9,000 |
| | | રોકડ અને બેન્ક | 51,000 |
| | 8,25,000 | | 8,25,000 |

**Q-8**

મહાવીર લિ. નું તા. 31-03-2019ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે: **14**

| મૂડી દેવાં | રકમ રૂ. | મિલકત લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| 10% ના પ્રેફરન્સ શેર | 5,00,000 | જમીન મકાન | 5,00,000 |
| ઈક્વિટી શેર ( દરેક રૂ 10નો રૂ. 8 ભરપાઈ) | 8,00,000 | પ્લાન્ટ મશીનરી | 12,00,000 |
| સામાન્ય અનામત | 6,00,000 | ફર્નિચર | 1,50,000 |
| 12%ના ડિબેન્ચર્સ | 5,00,000 | સ્ટૉક | 4,00,000 |
| લેણદારો | 4,00,000 | દેવાદારો | 2,00,000 |
| | | બેંક સિલક | 1,50,000 |
| | | લેણીહૂંડી | 1,00,000 |
| | | પ્રાથમિક ખર્ચ | 1,00,000 |
| | 28,00,000 | | 28,00,000 |

**વધારાની માહિતી:**

1. કંપનીની મિલકતોની વર્તમાન કિંમત બમણી ગણવી.
2. કંપનીની પાઘડીની કિંમત છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ અધિક નફાથી ત્રણ ગણી ગણવી.
3. 50% લેખે કરવેરા બાદ કર્યા પછીના છેલ્લા ત્રણ વર્ષનો સરેરાશ નફો રૂ. 6,00,000.
4. છેલ્લા ત્રણ વર્ષથી કરવેરા બાદ કર્યા પછીના નફાના 25% કંપની દર વર્ષે પોતાના સામાન્ય અનામત ખાતે લઈ જાય છે.
5. કંપનીના ધંધા જેવા અન્ય ધંધામાં અપેક્ષિત વળતરનો દર 10% છે.

**ઉપરની માહિતી પરથી કંપનીના ઈક્વિટી શેરની વાજબી કિંમત શોધી કાઢો.**